**ફોજદારી કેસ નં. ૧૧૦૨/૨૦૨૩**

**–:: આંક–૧ લગત હુકમ ::–**

---

આજ રોજ આ કામ આરોપી નં.૧ ને વોરંટ બજવા ઉપર ચાલી રહેલ છે પરંતુ આજરોજ આ કામના ફરીયાદી જાતે અદાલતમા હાજર રહેલ છે અને તેઓ દ્વારા હાલના કેસમાં તેઓને આરોપી સાથે સમાધાન થઈ ગયેલ હોય તેમજ તેઓનો મુદ્દામાલ પણ તેઓને મળી ગયેલ હોય સમાધાન કરવા માટે આંક–૨૨ થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે વધુમા આ કામના ફરીયાદીની ફરીયાદ મુજબ આરોપીઓ દ્વારા તેઓની પાસે સોપારી ખરીદ કરી તેની વેચાણ કિંમત પેટે રૂ.૩,૯૦,૦૦૦/– ની વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ હતી આમ આ ફરીયાદ ધ્યાને લેતા હાલના ફરીયાદીએ સોપારીના માલીક હોવાનુ તેમજ પોતે છેતરાયેલ હોવાનુ જણાય છે આમ ફરીયાદી તરફે રજુ કરેલ સમાધાન તેઓને વાં ચી સમજાવતા તે સ્વેરછીક અને ખરું હોવાનું અને તેઓને કબુલ મંજુર હોવાનું તેમજ તેઓને તેઓનો મુદ્દામાલ પરત મળી ગયેલ હોવાનુ જણાવેલ છે અને આરોપી સામેના ગુન્હા ઈ.પી.કો. કલમ ૪૦૬ અને ૪૨૦, મુજબના ગુના અદાલતની પરવાનગીથી સમાધાન લાયક હોય આ કેસની હકીકતો ધ્યાને લેતા ફરીયાદીને તેનો મુદ્દામાલ મળી ગયેલ હોય તેઓને હાલની પુરસીસ ધ્યાને લઈ સમાધાન કરવા માટે પરવાનગી આપી સી.આર.પી.સી. કલમ ૩૨૦(૧)(૨) મુજબ સમાધાન મંજુર કરી આ કામના આરોપીઓને તેઓની સામેના ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબના ગુન્હાના કામે નિદોર્ષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલ મોબાઈલ નંગ–૨ તથા રોકડ રકમ રૂ.૩,૯૦,૦૦૦/– કરવામા આવેલ વચગાળાનો હુકમ બિનશરતી કાયમ રાખવામા આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ: ગઢડા.**
**તારીખ: ૧૮ / ૦૫ / ૨૦૨૬**

**( હિતેશકુમાર અમરભાઈ મકા )**
**જ્યુડી.મેજી.ફ.ક.ગઢડા**
**Judge Code No-GJ01459**